ફોજદારી કેસ નં. ____________________

## આંક–૧ લગત હુકમ

આજરોજ એ.પી.પી શ્રીની રજુઆત છે કે મે. જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, સુરતના ઓના પત્ર ક્રમાંક નં. એમએજી/ડોરમેટકેસ/વશી/૩૧૭૩/૨૦૨૨, તારીખ ૪/ ૨/૨૦૨૩ ના રોજ સદર કેસ પરત ખેંચવા સારૂ હુકમ કરવામાં આવેલ છે.

આ કામના આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા ન હોય, તેમજ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૩૨૧ ધ્યાને લેતા, તથા મે. જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, સુરત ના ઓના ઉપરોક્ત પત્ર અન્વયે, આજરોજ એ.પી.પી શ્રી એ.બી.ખલાસ સદરહુ કેસ પરત ખેંચવા પુરસીસ રજુ કરી, જે કોર્ટે મંજુર કરી કેસ પરત ખેંચવા પરવાનગી આપી અને કેસને ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો અપીલ સમય ગાળા બાદ નાશ કરવાનો તથા રોકડ રકમ નિયમ મુજબ સરકારી ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે. સદર કામે જો કોઈ મુદ્દામાલ વાહન કબજે કરેલ હોય અને તે અંગે કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ–સુરત
તારીખઃ–૧૧/૦૨/૨૦૨૩

(કે.બી.મકવાણા)
ચોથા અધિક સિવિલ જજ અને
જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ, સુરત
જજ કોડ નં. જીજે–૦૧૪૩૦